# રોહિત કોઠારીની અણધારી વિદાય

•

રમેશ દવે

આપણા અમદાવાદ માટે કહેવાય છે કે એમાં વસતો કોઈપણ માણસ ભલે ને ગમે તેટલું મથે, એને મૈત્રી તો ઠીક મારા ભાઈ ! જરીક હૂંફ પણ કોઈ કનેથી સાંપડે તો નવાઈ ! પણ આજથી બરાબર એકત્રીસ વર્ષો પૂર્વે, આ જ અમદાવાદમાં આવતાંની સાથે, પહેલા જ મહિને, સાવ અજાણ્યા અને એકલવાયા એવા મને, એક તાજગીભર્યા યુવાને, મૈત્રી સુધી લઈ જનારી હૂંફનો અનુભવ, મારી રૂમ પર આવીને, કડક-મીઠી ચા બનાવીને, મારી સાથે મોજથી ચુસકી લેતાં લેતાં કરાવ્યો હતો.



રોહિત કોઠારી
(૧૫-૭-૧૯૫૯ – ૧૫-૧-૨૦૧૨...)

આ યુવાન એટલે રોહિત જયંતભાઈ કોઠારી. અહીં પૂરું નામ એ માટે નોંધ્યું કે એનું પાકું કુળગોત્ર–સરનામું જ નહીં, મારી એના સુધી પહોંચવાની કેડી પણ ચીંધાઈ જાય ! મૂળે વાત આમ હતી – ભાવનગરથી મને અમદાવાદ ખેંચી લાવવામાં પ્રગટ રીતે, મારા પીએચ.ડી.ના ગાઈડ આદરણીય ચિમનભાઈ ત્રિવેદી અને પરોક્ષ રૂપે જયંતભાઈ કોઠારી સક્રિય હતા. 'ગુજરાતીના અધ્યાપક સંઘ'નાં સંમેલનોમાં નિયમિત જનારા યુવાન તરીકે આ બંને વડીલ વિદ્વાનો મને જાણે-ઓળખે. ગુજરાતી સાહિત્ય પરિષદમાં 'ગુજરાતી સાહિત્ય કોશ'ની યોજના સાકાર થઈ ત્યારે જયંતભાઈએ, અધિકરણ-લેખક તરીકે મારી પાત્રતા વિશે ચિમનભાઈનો અભિપ્રાય પૂછ્યો. એમણે હા ભણી એટલે હું અમદાવાદ આવ્યો.

જયંતભાઈએ તો આંગળી જ આપી હતી પણ મેં પહોંચો પકડ્યો. સાંજે ઑફિસ-સમય આટોપાતાં, પરિષદમાંથી એમની સાથે ચાલતાં ચાલતાં નીકળું અને વાતો કરતાં કરતાં એમને ઘેર પહોંચું. અમારા આવા સાયં સ્વૈર-વિહારને લીધે, વચ્ચે વચ્ચે વાત-વિરામ યોજાતા. એક દિવસ ઘેર પહોંચતાં રાતના સાડા દસ થઈ ગયેલા અને વળતે દિવસે બે ચીમનભાઈઓ (ચી. ના. પટેલ અને ચિમનભાઈ ત્રિવેદી)નો ઠપકો ખાધેલો. મંગળાભાભી પણ – આ બેય જણાએ આટલા બધા સમયમાં શું શું વાતો કરી હશે – એવા આશ્ચર્યથી તાકી રહેલાં અને પછી દરરોજ સાંજે આપતાં હતાં એમ જ નાસ્તો આપ્યો હતો. હું એકલો રહેતો હતો અને જાતે-પોતે રાંધી ખાતો હતો એટલે એ દરરોજ વહાલભર્યો પ્રશ્ન પૂછતાં – આજે રાતે શું બનાવવાના છો ?

આ જ દિવસોમાં જયંતભાઈના દીકરા રોહિતે મારી તરફ દોસ્તીનો હાથ લંબાવ્યો અને... અધૂરું આ વાક્ય લખું છું ત્યાં લગી એના હૂંફાળા હાથમાં મારો હાથ હરખભેર ઝૂલતો રહ્યો છે. રોહિત સાથેની મારી મૈત્રી સંદર્ભે ઘણા મિત્રો, તે જયંતભાઈનો પુત્ર છે – એ વાતને અગ્રેસર કરે છે. એ તારણ સાવ સાચું છે પરંતુ અમારી મૈત્રીનું કારણ માત્ર એ એક જ વાત નથી. લોકો માને છે એમ જ હોત તો જયંતભાઈનો મોટો પુત્ર પીયૂષ તો એચ.કે. કૉલેજમાંથી અંગ્રેજી ભાષા-સાહિત્ય ભણીને સ્નાતક થયેલો અને વધારામાં તે નાટ્યરસિક પણ ખરો. આ કારણે મારો મનમેળ પહેલો તો એની સાથે સધાવો જોઈએ પણ એનો મૈત્રીભાવ તો હું હમણાં હમણાં છ-સાત વર્ષો પૂર્વે, વાયા રોહિત જ પામ્યો, જ્યારે રોહિત સાથે તો પૂરાં એકત્રીસ વર્ષો મોજ કરી !

ન તો મોટા ભાઈ પીયૂષ કે ન નાના ભાઈ નિખિલ સાથે બલકે વચેટ એવા રોહિત સાથે જ મન કેમ સંધાયું ? એનું કારણ બીજું કંઈ નહીં – માત્ર રોહિતનો હૂંફાળો ગમ્મતી સ્વભાવ અને અપાર કર્મઠતા. ન સોંપાયેલાં પણ પડી રહેલાં કામો કરવાની એની તત્પરતા અને એ માટેનું માત્ર બૌદ્ધિક જ નહીં, બલિષ્ઠ સામર્થ્ય – આ બધી વાતે અમને મોજ, મોજ બસ, મોજ કરાવી છે.

પ્રસંગ 'ગુજરાતીનો અધ્યાપક સંઘ'ના વાર્ષિક સંમેલનોમાં પુસ્તક-પ્રદર્શન યોજવાનો હોય કે પછી ગુજરાતી સાહિત્ય પરિષદના હૈદરાબાદ-અધિવેશન નિમિત્તે જયંતભાઈએ યોજેલા, બારતેર દિવસના લક્ઝરી કોચ–પ્રવાસનો હોય; રોહિત કાઠું કામ, ચીવટપૂર્વક કરવા સદા તત્પર હોય અને પરિણામ પણ ખુદા જાણે ઉત્તમ જ આવે ! જે લોકો એ પ્રવાસમાં અમારાં સંગાથી હતાં – એ સૌને સ્મરણ હશે – હર્ષદ ત્રિવેદી અને રોહિત કોઠારી સહુના સરસામાનને મૂકવા-ઉતારવા અને સંભાળવામાં જ નહીં, લક્ઝરી કોચમાં ચડતાં–ઊતરતાં સૌના હાથ સાહવાનુંય ક્યારે ચૂકતા નહીં.

સામાન્યતઃ એમ જોવા મળે છે કે પ્રખ્યાત પિતાનાં સંતાનો લગભગ એમના પિતૃનામથી જ ઓળખાતાં રહે છે. આમ હોવા-થવા પાછળ પેલા વિશાળ વટવૃક્ષનો ચોપાસ પ્રસરેલો છાંયો જ કારણભૂત હોય છે. પણ રોહિતે જયંતભાઈની સાહિત્યિક પ્રતિભા અને વારસામાં સીધો પ્રવેશ કર્યા વિના, એમણે ચીંધેલાં કામમાં આવડત અનુસાર જોડાઈને ઘડાતાં ઘડાતાં આખરે ગુજરાતી મુદ્રણકલામાં સાધિકાર પ્રવેશીને, પચાસે પહોંચતાં સુધીમાં, એક સાહિત્ય-રસિક, જાગરુક અને ખંતીલા મુદ્રક રૂપે આગવી ઓળખ ઊભી કરી.

રોહિત મૂળે તો કૉમર્સનો વિદ્યાર્થી અને ગુજરાત રાજ્યના માહિતીખાતાનો કર્મચારી. પણ મોહમ્મદ માંકડ અને હસુ યાજ્ઞિક એને ગુજરાત સાહિત્ય અકાદમીમાં લઈ ગયા અને તેને પ્રકાશન પ્રવૃત્તિ સોંપી. એ જ અરસામાં ગુજરાતી ભાષાના સુખ્યાત અને સંપન્ન પ્રકાશકે રોહિતને એમની, સૌરાષ્ટ્રમાં આવેલી પ્રકાશન-મુદ્રણ વસાહત સોંપવાની દરખાસ્ત કરેલી પરંતુ મંગળાભાભીએ દીકરાને આંખ આગળથી આઘો થવા ન દીધો. અલબત્ત, આ ખૂલેલી દિશા બંધ ન થઈ અને રોહિત ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય સાથે સંકળાયો. મનુભાઈ શાહ અને ભગવતી મુદ્રણાલયવાળા ભીખાભાઈ પટેલ સાથેના સહિયારા વ્યવસાય-સાહસમાં, નાની વયે પણ આ બંને વડીલોને ચિંતામુક્ત કરી – રાખીને રોહિતે શારદા-મુદ્રણાલયની આગવી પ્રતિષ્ઠા સરજી.

એની અમદાવાદની 'તિલકરાજ'વાળી હાલની ઑફિસ તો હજુ હમણાં થઈ. એ પૂર્વે, ગાંધીમાર્ગ પરની, આર.આર. શેઠની ઑફિસની લાઈનમાં શારદા મુદ્રણાલય બેસતું. 'પરબ'ના અંતિમ પ્રૂફ જોવા ત્યાં અવારનવાર જવાનું થતું. સામયિક-સંપાદન અને ગ્રંથલેખન અંગેની મારી ઘણી બધી કચાશો અને કુટેવો એ સમયથી રોહિતે સહી છે. છાપવા આપેલી સામગ્રીમાં, પચ્છમબુદ્ધિ બ્રહ્મ એવો હું આમતેમ સરવાળા-બાદબાકી અને સુધારા કર્યા જ કરું ! 'આદિત્ય મુદ્રણાલય'વાળા કાંતિભાઈ મિસ્ત્રીએ 'મશીન' પ્રૂફ વખતેય મેટરમાં ઘાલમેલ કરવા-કરાવવાના મારા દુરાગ્રહો પોષેલા એટલે તાલ તો – 'પડી ટેવ તે ટળે કેમ ટાળી ?' – નો જ હતો. આવા દરેક પળ-પ્રસંગે રોહિત અને મારી વચ્ચે કહેવત-રૂઢિપ્રયોગોથી શણગારાતી લઢવાડ મચે ! બેય જણા અકળાઈએ ને તેમ છતાં મુદ્રણ-સામગ્રી સમુચિત રીતે અને રૂપે છપાય – એ માટે રોહિત બબડાટ સાથે પણ છેક છેલ્લી ઘડી સુધી મથે !

થોડા સમય પહેલાં એક પ્રતિષ્ઠિત સંસ્થાના સરસ માસિકના મુદ્રણકાર્ય અંગે પડતી મુશ્કલીઓ સવિસ્તાર-સદૃષ્ટાંત વર્ણવીને રોહિતે સૂચવેલું કે એ માસિકનું મુદ્રણકાર્ય અન્યત્ર કશેક કરાવાય. અલબત્ત, નવી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી માસિક છપાય છે – એ જ રીતે છાપીશું – એમ પણ એણે સ્વીકારેલું. અને એ માસિકના બે મહત્ત્વના વિશેષાંકો – આ વિનંતીપત્ર પછી રોહિતે છાપ્યા અને એના પાને–પાને, રોહિતની ઉત્તમ–મુદ્રણ વિશેની નિસબત પ્રગટ થઈ છે.

એક વેળા સાંજની વધારાની ચાની ચુસકી લેતાં લેતાં મેં એને પૂછેલું : રોહિત, આપણે ત્યાં મુદ્રણકળામાં માહેર કોણ ? – મારા આ સાહજિક સવાલનો જવાબ આપતાં એણે અપૂર્વ આશરનું નામ દીધેલું અને પછી ઉમેરેલું – આજે કોઈ પણ સમયે, પ્રિન્ટિંગને લગતી કંઈ પણ મૂંઝવણ હોય, હું અપૂર્વભાઈને જ ફોન કરું ! અપૂર્વના પપ્પા શિવજી આશર મારા મુરબ્બી મિત્ર. એમની સાથેની નિરાંત-પળોમાં એમણે આશ્ચર્ય વ્યક્ત કરતાં કહેલું : આ રોહિતભાઈ, આટલા બધા લોકો સાથે, એમની આવી આવી અપેક્ષાઓ સ્વીકારીને કેવી રીતે કામ કરી શકતા હશે ?

આજે રોહિત નથી… એને આમ આપણી વચ્ચેથી અચાનક – અણધાર્યું લઈ જનારા કાળદેવતાને વ્યક્તિની વય સાથે કંઈ જ લેવાદેવા–નિસબત હોતી નથી… સામાન્યતઃ મને પજવનારી વાતને હું બૌધિક અભિગમથી ચકાસી-સમજી-સ્વીકારીને મુક્ત થવા મથતો હોઉં છું, પણ હવે – રોહિત મારી સાથે નથી – આ કારમી વાસ્તવિકતાને સ્વીકારવા નિરંતર મથું છું અને મારી એ પામર બૌધ્ધિકતા વેરવિખેર થઈ જાય છે.

---

ગાંધીજી જીવનના કળાકાર હતા, જીવનના શિલ્પી હતા. માનવી પૂર્ણતા તરફ કેવી રીતે પ્રગતિ કરી શકે છે, તેનો ઉત્તમ નમૂનો એમના જીવનમાંથી સાંપડે છે.

•

**ઉમાશંકર જોશી**